Chapter - 6

# પ્રકરણ - ૬

## -: તુલનાત્મક અધ્યયન :-

પાશ્ચાત્ય સાહિત્ય અને શિક્ષણને પરિણામે આપણે ત્યાં નવા યુગનો ઉદય થયો. વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસને કારણે વિશ્વ સાંકડું બનતું જાય છે. વિકાસની હરણફાળ સ્પર્ધામાં વિશ્વ સંકુલતાના બહુપરિમાણી અધ્યાસો વચ્ચે ઘેરાય છે. આવા સમયમાં સમૂહમાધ્યમોની તીવ્રતમ સ્પર્ધા વચ્ચે સાહિત્યને ટકાવી રાખવું મુશ્કેલ બને છે; વળી, એમાં વિકાસના નામે ચોતરફથી ઘેરાયેલા ઘોંઘાટભર્યા વાવંટોળમાં કવિતાનો કોમળ સ્વર કયાંથી સંભળાય? અલબત્ત આવા તીવ્રતમ સંવેદનપટુ સમયમાં જ મેથ્યુ આર્નેલ્ડે કહ્યું છે તેમ જીવનને ટકાવી રાખવા માટે સાહિત્યની અનિવાર્યતા છે.

સાહિત્યના કલાપદાર્થની સર્વવ્યાપી વિચારણાના અનુશીલન માટે વિશ્વસાહિત્યનો પરિચય અનિવાર્ય છે; વિશ્વસાહિત્યનો પરિચય કેળવવા માટે જુદા જુદા દેશની જુદી જુદી ભાષાઓ શીખવી માનવ માટે મુશ્કેલ બની ત્યારે અનુવાદનું મહત્ત્વ અનિવાર્ય બન્યું. આમ, વિશ્વ સાહિત્યને સ્પર્શવા માટે અનુવાદે પાયાનું કામ કર્યું છે. આમ, અનુવાદમાંથી ક્રમશઃ વિવેચનક્ષેત્રે તુલનાત્મક સાહિત્ય-વિવેચને પોતાનું અસ્તિત્વ ધારણ કર્યું.

તુલનાત્મક સાહિત્ય-વિવેચનનું કાર્યક્ષેત્ર બહુ વિશાળ છે; દેશ દેશ વચ્ચેની, પ્રાન્ત પ્રાન્ત વચ્ચેની જુદી જુદી ભાષાઓના સાહિત્યની તુલના થઈ શકે. આ તુલના જુદા જુદા દેશની, જુદા જુદા રાજ્યની જુદી જુદી ભાષાઓ વચ્ચેની સમાન લાક્ષણિકતાઓ તારવીને થઈ શકે.

પણ અહીં તો માત્ર એક જ પ્રદેશના, સાતમા દાયકાના એટલે કે એક જ સમયમાં થઈ ગયેલા ને એક જ એવી ગુજરાતી ભાષાના ચાર આધુનિક કવિ: સુરેશ જોશી, ગુલામ મોહમ્મદ શેખ, રાવજી પટેલ અને મણિલાલ દેસાઈની કાવ્યસૃષ્ટિની તુલનાનો ઉપક્રમ છે, આથી આ કાર્ય ઘણું જ અઘરું ને પડકારરૂપ છે. વળી, આમ તો આ ચારેય કવિનો ગ્રંથકાર શ્રેણીના કવિ તરીકેના અભ્યાસનો જ ઉપક્રમ રહ્યો છે; પણ ખાસ કરીને આ ચારેય કવિઓને એકશૃંખલાથી, કેન્દ્રિયધારાથી જોડવા માટે જ તુલનાત્મક અભિગમ વિકસાવ્યો છે.

### (અ) કાવ્યના અંતસ્તત્ત્વની દૃષ્ટિએ તુલનાત્મક અભ્યાસ

#### (૧) અસ્તિત્વની વ્યથા :-

સુરેશભાઈની કવિતામાં અસ્તિત્વની વ્યથાનું રૂપ સૌમ્ય છે; એના પ્રમાણમાં શેખની રચનામાં પ્રમાણમાં સવિશેષ જિજીવિષામૂલક તીવ્રતાથી અસ્તિત્વની વ્યથા નિરૂપાઈ છે. શેખની રચનાઓમાં અસ્તિત્વની ઈતિકર્તવ્યતા પ્રમાણવાનો આદિમ આવેગ છે; જ્યારે સુરેશભાઈની કવિતામાં અસ્તિત્વની વ્યથા પણ પ્રેમ અને મૃત્યુ જેવાં અંતિમ બિંદુઓ વચ્ચે વિકસતી વેદનામય પ્રણયઝંખનાના સાહચર્યમાં જીવનલિપ્સાનું જ એક રૂપ ધારણ કરે છે.

રાવજી પટેલની કવિતામાં આ બધામાં અત્યંત તીવ્રતાથી અસ્તિત્વને પામવાનો તીવ્રતમ જિજીવિષામૂલક સંઘર્ષ પણ અસ્તિત્વની વ્યથાની ભાવસંવિત્તિમાં ઘૂંટાય છે. મણિલાલ દેસાઈ બહુ જ ઊંડાણમાં ઉતર્યા વગર પ્રાપ્ત થયેલ અસ્તિત્વની નિ:સહાયતા ને એમાંથી જન્મતી અસ્તિત્વની વ્યથાનું નિરૂપણ કરે છે.

#### (૨) બદલાયેલ સૌંદર્યદૃષ્ટિ :-

પ્રાકૃતિક જગતને જોવાની બદલાયેલ સૌંદર્યદૃષ્ટિનાં પરિમાણો સુરેશભાઈની રચનાઓમાં

પ્રાપ્ત થાય છે. શેખનો સઘળો કાવ્યપુરુષાર્થ આ બદલાયેલ સૌંદર્યદૃષ્ટિ પ્રમાણે રચાયેલ ભાવજગતને અભિવ્યક્ત કરવામાં પ્રયોજાય છે; એમની સઘળી રચનારીતિઓનો તાળો પણ બદલાયેલ સૌંદર્યદૃષ્ટિના નિરૂપણમાં જ મળી જાય છે. સુરેશભાઈ પ્રમાણમાં એકવિધ અભિવ્યક્તિથી બદલાયેલ સૌંદર્યદૃષ્ટિનું નિરૂપણ કરે છે; જ્યારે શેખમાં અભિવ્યક્તિની બહુપરિમાણી રચનારીતિઓનો સમુચ્ચય બદલાયેલ સૌંદર્યદૃષ્ટિના નિરૂપણમાં પામી શકાય છે.

રાવજી અને મણિલાલ ઈન્દ્રિયપ્રત્યક્ષકલ્પનોમાં તેમજ ઈન્દ્રિયવ્યત્યયની કાવ્ય - પ્રયુક્તિમાં બદલાયેલ સૌંદર્યદૃષ્ટિ અનુસાર રચાયેલ નવ્ય પ્રાકૃતિક જગતને નિરૂપિત કરે છે. ઈન્દ્રિયરાગિતા એ રાવજીની કવિતાની મહત્ત્વની વિલક્ષણતા બદલાયેલ સૌંદર્યદૃષ્ટિ અનુસારની પ્રકૃતિને નિરૂપણમાં પ્રતીત થાય છે. મણિલાલનાં પ્રકૃતિકાવ્યોએ પ્રકૃતિનું સુંદર, સૌમ્ય ને ભાવ-પ્રવાહ પ્રમાણે પરિવર્તન પામતી પ્રકૃતિનું આબેહુબ દર્શન એ મણિલાલની કવિતાની વિશેષતા છે.

## (૩) <u>શબ્દસંવેદના</u> :-

સુરેશભાઈની રચનાઓમાં શબ્દસંવેદના રજૂ કરતી કવિતા મળે છે; પણ તે કોઈ અન્ય મુખ્ય ભાવના આલંબનમાં જ શબ્દસંવેદના રજૂ થઈ છે; જ્યારે શેખમાં શબ્દસંવેદના રજૂ કરતી રચનાઓ સ્વતંત્ર પણ મળે છે. વળી, શેખમાં શબ્દસંવેદના રજૂ કરતી રચનાઓનું પ્રમાણ સુરેશભાઈ કરતાં અનેકગણું વધારે છે; શેખની કવિ-પ્રતિભાના શક્તિવિશેષનો પરિચય પણ ક્યાંક આવી રચનાઓ દ્વારા પ્રાપ્ત થાય છે. જ્યારે સુરેશભાઈએ ભાષા જેવા માધ્યમની અસમર્થતા અંગેનો ઊહાપોહ કાવ્યવિવેચનમાં મચાવ્યો હોવાથી એમની કાવ્યરચનાઓમાં આ અંગે સૌમ્ય પ્રતિભાવ સાંપડે છે. અલબત્ત એ નોંધપાત્ર છે કે આ બંને કવિઓએ "કવિ" શીર્ષક હેઠળ એક એક રચના કરી છે.

રાવજી પટેલ તો શબ્દોના માધ્યમ દ્વારા સમગ્ર કાવ્યની પરંપરાગત રચનારીતિ તરફ પ્રબળ, તીવ્રતમ વિદ્રોહ જાહેર કરે છે. મણિલાલ દેસાઈ પણ 'શબ્દ' વિશે અત્યંત સંવેદનશીલ છે; એમની આ સંવેદનશીલતાની સૌમ્ય પ્રતીતિ 'રાનેરી' કાવ્યસંગ્રહમાં જોવા મળે છે. પણ રાવજી જેવો જિજીવિષામૂલક તીવ્ર વિદ્રોહ મણિલાલમાં નથી. વળી, રાવજીમાં શબ્દસંવેદના રજૂ કરતી સ્વતંત્ર રચનાઓ પણ પ્રાપ્ત થાય છે. મણિલાલ વિશે આદિલે લખેલ અંજલિ કાવ્યમાં શબ્દસંવેદના રજૂ થઈ છે; જુઓ :

> "કલ શબ્દોંકી ઉદાસી પી કે લહેરાયેગા કૌન ?
> કલ મૌત કી આંખોં મેં આંખે ડાલકર ગાયેગા કૌન ?"

## (૪) <u>નાસ્તિમૂલક ચેતના</u> :-

સુરેશભાઈની કવિતામાં નાસ્તિમૂલક ચેતનાનો દોર 'ઈતરા' માં સવિશેષ પ્રગલ્ભતાથી સંધાયેલો જોવા મળે છે; 'તથાપિ' માં પ્રકારાન્તરે કોઈને કોઈ રીતે વિકસતો જોવા મળે છે; 'પ્રત્યંચા' માં એનાં બીજ વવાયાં હતાં. શેખની કવિચેતનાને આ પ્રકારે ઈશ્વરના અસ્તિત્વ વગરનું નિર્ભ્રાંત જગત સવિશેષ પ્રિય છે; શેખની ઘણીય કાવ્યરચનાઓ નાસ્તિમૂલક આબોહવામાં શ્વસતી જોવાય છે; અલબત્ત શેખનો વિદ્રોહનો સૂર, ઈશ્વરના ઈન્કારનો અવાજ સુરેશભાઈ કરતાં સવિશેષ તીવ્ર ને વેધક છે. તેઓ જોરશોરથી ને પ્રબળ વિદ્રોહી મિજાજથી ઈશ્વરના અસ્તિત્વને પોતાની ભાવસંવિત્તિના પ્રદેશમાંથી દેશવટો આપી દે છે.

રાવજી પણ ખાલીખમ નિ:સહાય ૐ' ના ભાવપ્રદેશમાં વિહરીને ય નાસ્તિ દ્વારા ય ઈશ્વરની પ્રતીતિ કરે છે; જ્યારે મણિલાલ દેસાઈની નાસ્તિમૂલક ચેતના વ્યક્ત કરતી રચનાઓ અભિધા કાવ્યવ્યાપારથી આગળ વધતી નથી. આ પ્રકારની રચનાઓની કોઈ વિશેષતા હોય તો એ નાસ્તિમૂલક સંવિત્તિની વિષયલક્ષી વિશેષતા છે; બાકી વ્યંજનાને નામે મોટુંમસ મીંડું છે; અનિચ્છાએ પણ આ

પ્રકારે લખવું પડે છે; ઈચ્છવા છતાંય મણિલાલની આ પ્રકારની કાવ્ય રચનાઓને બિરદાવી શકાતી નથી.

## (૫) નગરસંવેદના :-

સુરેશભાઈની રચનાઓમાં લગભગ નગરસંવેદનાનું નિરૂપણ પ્રાપ્ત થતું નથી; શેખની વિપુલ રચનાઓ નગરસંવેદનાની ભાવસંવિત્તિની આસપાસ વિકસે છે; 'મહાબલિપુરમ્' 'દિલ્હી' શહેર – ૧, ૨, ૩ ઈત્યાદિ રચનાઓમાં નગરસંવેદના નિરૂપિત થઈ છે; શેખની રચનાઓમાં નગરમાં વ્યાપ્ત સંવેદનશુષ્કતા તરફ તીવ્ર આક્રોશ છે; આ આક્રોશમાં વિદ્રોહનું તત્ત્વ ભળે છે; એટલે પરંપરાગત કવિતાની પ્રાકૃતિક પ્રીતિથી વિપથગામી આ કવિતાની ગતિ છે; સુંદરને સ્થાને અહીં કુત્સિત ને વિરૂપનું નિરૂપણ ને એમાંય જુગુપ્સાપ્રેરક અંશોનું નિરૂપણ નગરના આશ્રયે થયું છે.

રાવજી અને મણિલાલ મૂળ આંચલિક, જનપદના ગ્રામીણ પરિવેશમાંથી આવે છે; એમને ઈચ્છા વિરુધ્ધ નગરમાં વસવું પડે છે; એટલે એમની હૃદયભૂમિમાં નગરની શુષ્કતા ભારે ઝુરાપાનો અનુભવ કરાવે છે; આથી અણગમતા આ નગર પ્રત્યેનો તીવ્ર આવેશમય આક્રોશ રાવજી અને મણિલાલની રચનાઓમાં જોવા મળે છે; આ રચનાઓમાં નગર જીવનનો સંત્રાસ ને ગ્રામજીવનનો અનુરાગ ક્યારેય અતીતરાગમાં પરિવર્તિત થાય છે.

## (૬) જિજીવિષા અને આદિમતાની ઝંખના :-

જિજીવિષામાંથી પ્રગટતી આદિમતાની ઝંખનાનું સંવેદન મણિલાલ દેસાઈની રચનાઓમાં જોવા મળે છે; આ પ્રકારની કાવ્યલાક્ષણિકતા કોઈને કોઈ રીતે સુરેશભાઈની રચનાઓમાં પણ જોવા મળે છે. શેખની રચનાઓમાં આદિમતાની ભાવસંવિત્તિ પુરાકલ્પનોના આશ્રયે અભિવ્યક્ત થઈ છે; રાવજી પણ જીવનરાગના ભાવાવેશમાં અસ્તિત્વના મૂળ સુધી ગતિ કરીને આદિમતાના અણજાણ પ્રદેશમાં એનો કાવ્યરથ લઈ જાય છે. વેદના અને વ્યથાની તીવ્રતમતામાંથી પ્રગટેલી જિજીવિષા અને જિજીવિષાના ભાવાવેગમાં આ કાવ્યરચનાઓમાં પ્રત્યક્ષ યા નિરપેક્ષભાવે આદિમતાની સંવેદના પણ અભિવ્યક્ત થઈ છે.

## (૭) પ્રેમ અને મૃત્યુના અંતિમો વચ્ચે વિકસતી કવિતા :-

સુરેશભાઈની કવિતાની મહત્ત્વની વિલક્ષણતા જ વેદનામય પ્રણયઝંખના છે; આ પ્રણયનો રાગાવેગ મૃત્યુના સાહચર્યમાં સવિશેષ તીવ્રતમતાનું રૂપ ધારણ કરે છે; આ સઘળું નિસર્ગદત્ત કે માનવગત જિજીવિષાનું જ નિરપેક્ષ પરિમાણ છે. શેખની રચનાઓમાં પ્રેમ અને મૃત્યુ બંને સ્વતંત્ર આવિર્ભાવરૂપે અભિવ્યક્ત થાય છે; આ પ્રકારની સંવત્તિઓ યથાર્થના સ્પર્શે સવિશેષ પ્રતીતિજનક બને છે.

રાવજી અને મણિલાલનું તો જીવિત જ પ્રેમ અને મૃત્યુની આસપાસ વણાયેલું છે. રાવજીની મરણભીંસ એને જીવનલિપ્સાના એક પ્રબળ આવિર્ભાવમાં પ્રણયના ભાવસંવેદન તરફ અભિમુખ કરે છે. મણિલાલનો પ્રણયભાવ પ્રકૃતિની આસપાસ ઘૂંટાયો છે; તેમની 'પલ' જેવી કાળમૂલક રચના મૃત્યુની અનિવાર્યતાને નિરપેક્ષભાવે સૂચિત કરે છે. આ રચનાનું ભાવબિંદુ પણ પ્રેમ અને મૃત્યુની આસપાસ જ ગૂંથાયું છે. રાવજીનું આભાસી મૃત્યુનું 'હંસગીત' ગુજરાતી કવિતાની સીમાચિહ્નરૂપ રચના છે; જેમાં પ્રિય પત્નીના સાહચર્યમાં માંગલ્યપ્રેરક લગ્નના આસબાબમાં જીવનના અંતિમ સત્યને સહજ, સલુકાઈથી કાવ્યરૂપ અર્પ્યું છે.

## (८) સાંવેગિકતા અને રતિરાગિતા :-

સુરેશભાઈએ એમની કવિતામાં અંધકારને યૌનરૂપ અર્પીને એનું કાવ્યરૂપાયન સિદ્ધ કર્યું છે; જળને વક્ષ: સ્થળનું રૂપ પણ મળ્યું છે. તદુપરાંત સાંવેગિક રતિક્રિયાના આવિર્ભાવરૂપ ભાવલીલાઓ પણ આ રચનાઓમાં બદલાયેલ સૌંદર્યદષ્ટિના નિદર્શનને આશ્રયે રજૂ થઈ છે. ગુલામ મોહમ્મદ શેખ તો સાંજ વેળાના સંક્રાન્તિકાળના પ્રાકૃતિક દૃશ્યને બદલાયેલ સૌંદર્યદષ્ટિ અનુસાર લૈંગિક સંવેદના અને યૌનસંકેતના આશ્રયે અભિવ્યક્તિ કરીને સાંવેગિકતા અને રતિરાગિતાની માનવ્યગત સહજ ઝંખનાને કાવ્યનું રૂપ અર્પે છે. આ સિવાય પણ શેખની 'કવિ' જેવી શબ્દસંવેદના તરફ આક્રોશ પ્રગટ કરતી અને 'શહેર' જેવી નગર સંવેદના રજૂ કરતી ને તે સિવાયની અન્ય રચનાઓમાં પણ સાંવેગિકતા અને રતિરાગિતાના ભાવ વ્યંજિત થયા છે.

રાવજીનાં કલ્પનોની ઈન્દ્રિયપ્રત્યક્ષ કાવ્યસૃષ્ટિમાં જિજીવિષાપ્રેરક સાંવેગિકતા અને રતિરાગિતાની ઝંખના ભારોભાર ભરેલી છે. રાવજીની કાવ્યપ્રજ્ઞાના સાહચર્યમાં પ્રાકૃતિક સૃષ્ટિ પણ ક્યાંક સાંવેગિકતા અને રતિરાગિતાની માનવસહજ ઝંખના અનુભવે છે. મણિલાલનો રતિરાગ પણ છૂપો રહી શક્યો નથી; એમની કવિતાની ભાવસંવિત્તિ પણ પ્રણયમાંથી ક્રમશ: વિકસતી જઈને સાંવેગિકતા અને રતિરાગિતા તરફ સહજ જ ઢળી જાય છે. અલબત્ત, મણિલાલની રચનાઓમાં પ્રણયની શૃંગારિક રસસૃષ્ટિનો આખેઆખો થાળ પીરસાયો છે.

મૃત્યુની તોતિંગ તલવારના ઓછાયા હેઠળ જીવનલિપ્સાના ભાવ-પ્રવાહમાં ક્ષયમાં રિબાતા રાવજીની નિરામય સાંવેગિકતા તરફની અભિમુખતા 'અંગત' ના પૃષ્ઠે પૃષ્ઠે તરવરી રહી છે. જ્યારે મણિલાલનો રતિરાગ પ્રણયના શૃંગારિક ભાવ-વિભાવોની આસપાસ જ વણાયેલો છે; મણિલાલે ક્યારેક આ ભાવાર્તુળમાં રાધા-કૃષ્ણની પૌરાણિક પરિકલ્પનાનો પ્રતીકાત્મક વિનિયોગ કર્યો છે.

## (૯) દુર્દમ પ્રણયતૃષા :-

આ ચારેય કવિઓમાં દુર્દમ પ્રણયતૃષાની હૃદયસ્થ સંવેદના પ્રત્યક્ષ યા નિરપેક્ષ ભાવે પ્રતીત થાય છે; આમાં સુરેશભાઈ અને મણિલાલની અંતસ્થ પ્રણયભાવના જરાક મુખર બનીને ય પ્રગટી ઊઠે છે; જ્યારે શેખ અને રાવજીના કાવ્યનાયક જરાક પ્રગલ્ભ ને **Sharp** છે; અંતરમાં છૂપાયેલા દુર્દમ પ્રણયઝંખનાના ભાવ-પ્રવાહને સહજતા કે સરળતાથી કળાવા દે તેવા નથી. તેઓ સલુકાઈને નજાકતથી પ્રણયની તીવ્રતમ પ્રણયઝંખનાને ય તેઓ અભિવ્યકત કરે છે. જીવનની સભરતા માટે પ્રણય-રસિતતાનું મહત્ત્વ હોવા છતાં પ્રેમની અનિવાર્યતાને છૂપાવવામાં જ તેમની કાવ્યપ્રજ્ઞાની તેજસ્વીતાની પ્રતીતિ થાય છે. સુરેશભાઈની કવિતાની પ્રમુખ લાક્ષણિકતા જ વેદનામય પ્રણયઝંખનાની કવિતા છે; આમાં એમની દુર્દમ પ્રણયતૃષાનું જ મહિમાગાન છે. શેખના કાવ્યનાયિકાના સૌંદર્યવર્ણનમાંય એમની પ્રણયતૃષાની સંવિત્તિ નિરપેક્ષભાવે ઘૂંટાય છે. રાવજી પ્રગલ્ભતાથી પ્રણયની અનિવાર્યતાને પ્રણયના અભાવમાં અંતરમાં વ્યાપેલી રિકતતાને અભિવ્યક્તિ કરે છે; પણ રાવજીની આ પ્રણયતૃષાની સંવિત્તિ વિકસીને વાસનાનું રૂપ પામે છે; જેમાંથી ક્રમશ: રતિરાગિતા ને સાંવેગિકતાનાં વિવિધ રૂપો ઘૂંટાતાં જાય છે.

## (૧૦) વિદ્રોહની જ્વાળા :-

સુરેશભાઈનું કાવ્યવિશ્વ પરંપરાગત કવિતા તરફના વિદ્રોહમાંથી જ વિકાસોન્મુખ બન્યું છે; આ હકીકતની પ્રતીતિ તેઓશ્રી જાતે જ ૧૯૫૬ માં રચાયેલ 'ઉપજાતિ' કાવ્યસંગ્રહ (જે પરંપરાગત 'ઉપજાતિ' છંદમાં રચાયો હતો) તેને રદ કરીને આપે છે. ત્યારબાદ ક્રમશ: 'પ્રત્યંચા' માં પરંપરામાંથી છૂટવાનો પ્રયાસ કરે છે; આ દોર 'ઈતરા' ને 'તથાપિ' માં આગળ ચાલે છે. 'શેખ' ની 'અથવા' ની કવિતા પણ પરંપરાગત કવિતાના અંતસ્તત્ત્વ અને શિલ્પવિધાન તરફના વિદ્રોહની જ પ્રતીતિ કરાવે

છે; અલબત્ત, તેમની બહુચર્ચિત એવી જેસલમેર વિષયક રચનાઓનું ભાવવિશ્વ પરંપરાગત છે; પણ આ રચનાઓ રચનારીતિની નવ્યતા અને આ નવ્ય રચનારીતિની માવજતને કારણે આધુનિક બને છે.

રાવજી અને મણિલાલને વિદ્રોહી બનવા માટે બીજે ક્યાંય ફાંફાં મારવા જવાનું ન હતું. એમને જીવિત જ એવું મળ્યું હતું કે, માનવ્યગત, સહજ, સ્વાભાવિક જ એમના કવનમાંથી વિદ્રોહનો સૂર સંભળાય. ગ્રામ્યપરિસર એમને અત્યંત પ્રિય હતો; પણ કોઈને કોઈ સંજોગોમાં એમને નગરમાં વસવું પડ્યું હતું. આ નગરવસવાટે જન્માવેલી નિર્વાસિતાની ભાવનાથી આ કવિઓની કવિતામાં વિદ્રોહની જ્વાળા સતત સુષુપ્તપણે પ્રતીત થાય છે.

## (૧૧) <u>પ્રાકૃતિક પ્રીતિ</u> :-

સુરેશભાઈની કવિતામાં એમનો પ્રકૃતિપ્રેમ છૂપો રહેતો નથી; ભલે એમની સૌંદર્યદૃષ્ટિ બદલાઈ ગઈ હતી. પણ એમને નિસર્ગ અત્યંત વ્હાલું હતું; આ બાબતની પ્રતીતિ ફક્ત એમની કવિતા જ નહીં, સમગ્ર સર્જનરાશિ દ્વારા પણ થઈ શકે એમ છે. શેખની પ્રત્યેક રચનામાં પ્રકૃતિનો કોઈને કોઈ આવિર્ભાવ બદલાયેલ સૌંદર્યદૃષ્ટિ અનુસાર કોઈને કોઈ રૂપે પ્રગટ થાય છે. શેખ વિપથગામી બનીનેય પ્રાકૃતિક સૌંદર્યને કુત્સા કે કુત્સિતના પરિવેશમાંય સિદ્ધ કરવા ઈચ્છે છે. એમાં એમની પ્રાકૃતિક પ્રીતિની જ ભાવસંવિત્તિ ગૂહિત રીતે છૂપાયેલી છે. 'અથવા' ના પૃષ્ઠે પૃષ્ઠે કવિનો પ્રકૃતિપ્રેમ કોઈને કોઈ રીતે છલકાય છે.

જ્યારે રાવજી અને મણિલાલની કવિતામાં પ્રકૃતિ એ ધોરી નસ છે, એ નસને કાપીએ તો એમની કાવ્યરચનાઓનું જીવિત જ શક્ય નથી. અલબત્ત, રાવજીની કવિતામાં પ્રકૃતિનું ઈન્દ્રિયપ્રત્યક્ષરૂપ જેટલા પ્રમાણમાં સિદ્ધ થયું છે; તેટલી ઈન્દ્રિયસંવેદ્ય કલ્પનોની સૃષ્ટિ મણિલાલની કવિતામાં જોવા મળતી નથી. પણ મણિલાલનાં 'અંધકાર' 'રાત' 'સવાર' 'વન' 'જંગલ' કે 'અરણ્ય' નાં પ્રાકૃતિક કાવ્યો મણિલાલની કવિતાની ઓળખ ઉભી કરે છે. "રાનેરી" શીર્ષક જ મણિલાલની પ્રાકૃતિક પ્રીતિનું દ્યોતક છે; વળી, રાવજીને કૃષિમૂલક કલ્પનોના કવિ તરીકે ઓળખાવવામાં આવ્યો છે; આ બાબત પણ એની પ્રાકૃતિક પ્રીતિની પ્રતીતિ કરાવે છે.

## (૧૨) <u>માનવ્યમાં વિકસતી સંવેદનશુષ્કતા તરફ આક્રોશ</u> :-

સુરેશભાઈ અને શેખની કાવ્યરચનાઓમાં માનવ્યમાં વિકસતી સંવેદનશુષ્કતા તરફનો આક્રોશ સુષુપ્તરૂપમાં પડેલો છે, જ્યારે રાવજી અને મણિલાલની રચનાઓમાં આ પ્રકારના આક્રોશનું સ્વરૂપ પૂર્વોક્ત કવિઓના પ્રમાણમાં સવિશેષ મુખર (બોલકું) છે. પણ આ ચારેય કવિઓમાં સુષુપ્ત કે સક્રિયપણે કોઈને કોઈ રીતે માનવ્યની ચેતનામાં જે સામુલાગ્ર પરિવર્તન આવ્યું; તેના તરફ આક્રોશ છે.

## (૧૩) <u>કાવ્યક્ષણની પસંદગીની બાબતમાં નિરાલંબ સ્વાતંત્ર્ય</u> :-

આ ચારેય કવિઓએ કાવ્યમાં આકારિત કરવાની પ્રગલ્ભ કાવ્યક્ષણ, સ્વાતી નક્ષત્રની ક્ષણ પોત પોતાની રીતે પસંદ કરી છે, કોઈ પરંપરાગત શાસ્ત્રીય, મૂલ્યલક્ષી ખ્યાલોની તમા એમણે રાખી નથી. સૌંદર્યસર્જન' એમનું લક્ષ્ય રહ્યું છે; આથી કલાલક્ષી, સૌંદર્યલક્ષી એમનો અભિગમ રહ્યો છે; અંતસ્તત્ત્વની પસંદગીની બાબતમાં એમણે નિરાલંબ સ્વાતંત્ર્ય ભોગવ્યું છે.

## (૧૪) <u>માનવ્યની ભાવસંવિત્તિ</u> :-

ઉચ્ચાશયી, હવાઈ, તત્ત્વકીર્તનને સ્થાને પ્રતીતિજન્ય માનવીયતા આ ચારેય કવિઓની કવિતામાં જોવા મળે છે. અલબત્ત, આધુનિક કવિતાનો ભાવમિજાજ જ પરંપરાગત મૂલ્યશાસ્ત્ર પર

આઘાત આપવાનો છે. આમ છતાં, આ ચારેય કવિઓના કાવ્યનાયકો ધીરોદત્ત નાયકો નથી; પણ માનવસહજ નિર્બળતાથી પ્રણયભાવનું આ દુર્દમ્ય આકર્ષણ અનુભવતા રતિરાગી નાયકો છે.

## (૧૫) કાવ્યના રહસ્યને પ્રજ્વલિત રાખતી કાવ્યપ્રજ્ઞા :-

આ ચારેય કવિઓની અભિવ્યક્તિ-કલાની નોંધપાત્ર સામાન્ય વિલક્ષણતા એ છે કે કાવ્યનું રહસ્ય અળપાઈ ન જાય એ રીતે કાવ્યક્ષણની સૂક્ષ્મ સંવેદનપટુ માવજત કરી છે. સુરેશભાઈની વિદગ્ધતાનો લાભ 'ઈતરા' ને 'તથાપિ' ની રચનાઓને મળ્યો છે; શેખની કાવ્યપ્રજ્ઞાનો સઘળો પુરુષાર્થ નવ્ય રચનારીતિનો છે; એટલે સતત કાવ્યમાં જીવંત થયેલી કાવ્યક્ષણ સંતપ્ત રહે, સતેજ રહે એ રીતે તેમણે કવિતાની માવજત કરી છે.

રાવજી તો શબ્દોમાં જીવ પરોવીને, તમાકુના છોડને ઉછેરે એવી માવજતથી કવિતાને ઉછેરે છે. મણિલાલે પણ પાશ્ચાત્ય કાવ્ય વિચારણાને યથાશક્ય આત્મસાત કરી છે; આથી મણિલાલની રચનાઓમાં પણ કાવ્યના રહસ્યને પ્રજ્જ્વલિત રાખે તે રીતે યથાશક્ય એ યથા બુદ્ધિ-મતિ અનુસાર કાવ્યક્ષણની માવજત થઈ છે.

## (૧૬) અંધકારનું સંવેદન :-

મણિલાલની કવિ-પ્રતિભાને જ "અંધકારના કવિ" નું બિરુદ આપીને ગુજરાતી કાવ્યવિવેચને ઓળખાવી છે. રાવજીની કવિતામાં પણ છલકાતી અંધકારની શ્યામ કૌમુદીનું ચિત્રણ પ્રાપ્ત થાય છે.

સુરેશભાઈએ અંધકારને યૌનસંકેતને આશ્રયે પ્રગટાવ્યો છે; તો ગુલામ મોહમ્મદ શેખે 'અંધકાર અને હું' કાવ્યમાં અંધકારને કશાકનું રૂપ આપવાને બદલે એનું ઈન્દ્રિયપ્રત્યક્ષરૂપ પ્રગટ કરીને અંધકારને બહુ લાડ લડાવ્યાં છે.

## (૧૭) અતીતરાગિતા :-

રાવજીની કવિતાની મહત્ત્વની વિષયલક્ષી વિલક્ષણતા એની અતીતરાગિતા છે. અણગમતા નગરવસવાટે એની કવિતામાં ગ્રામ્યપરિસરનો આખેઆખો અતીતકોશ ઉભરાયો છે. મણિલાલ પણ આ જ કારણે અતીતરાગી બને છે; પણ મણિલાલની કવિતામાં રાવજી જેટલા પ્રમાણમાં આ અતીતરાગ ઘૂંટાયો નથી; રાવજીના પ્રમાણમાં મણિલાલની કવિતામાં અતીતરાગ અલ્પ પ્રમાણમાં છે.

સુરેશભાઈ અસ્તિત્વની સંપ્રજ્ઞતા પ્રમાણવાના પુરુષાર્થમાં આદિમતાના અણજાણ પ્રદેશમાં પહોંચીને ય અતીતરાગી બને છે. શેખની કવિતામાં પણ આ જ પ્રકારે અતીતરાગિતા જોવા મળે છે.

## (૧૮) વ્યક્તિકેન્દ્રી, સ્વયંપર્યાપ્ત આત્મલક્ષી કવિતા :-

આ ચારેય કવિઓની કવિતા વ્યક્તિકેન્દ્રી, સ્વયંપર્યાપ્ત આત્મલક્ષી કવિતા છે. આ કવિઓની કવિ-પ્રતિભા મહદ્અંશે પોતાની સ્વકીયતામાં જ બદ્ધ થઈને પોતાનામાં જ વિકસી છે. પુરોગામીઓએ સુરેશભાઈ અને શેખને બહુ ઝાઝા પ્રભાવિત કર્યા નથી; મણિલાલ પુરોગામીઓથી થોડાક પોષાયા છે તો રાવજીએ પુરાગામિતાનેય સ્વકીય સર્જકતાના બળ વડે રસીને એમાંય નવોન્મેષ સિદ્ધ કર્યો છે. રાવજીની સ્વકીય સર્જકતા જ એની કવિતા પર સરસાઈ ભોગવે છે. અલબત્ત એ નોંધપાત્ર છે કે આ ચારેય કવિઓ આત્મલક્ષી કવિઓ છે; પોતાની સ્વકીય સંવેદનાને અસ્પૃશ્ય એવા

પરલક્ષી વિષયો તરફ આ કવિઓએ સહેજ નજર સુદ્ધાં કરી નથી.

## (૧૯) પ્રયોગશીલતા :-

આ ચારેય કવિઓમાં શેખની કવિતાની પ્રયોગશીલતા જેટલા પ્રમાણમાં કાવ્યમાં રૂપાયિત થઈને આધુનિકતાની આબોહવામાં શ્વસીનેય કાવ્યસૌંદર્યનું પ્રાણતત્ત્વ જેટલા પ્રમાણમાં જાળવી શકે છે; તે પ્રમાણ અન્યમાં નથી. રાવજીની પ્રયોગશીલતા એના કલ્પનોની ઈન્દ્રિયપ્રત્યક્ષ સૃષ્ટિ અને એના વ્યત્યયમાં જોવા મળે છે. મણિલાલ ગાણિતિક સમીકરણોની પ્રયોગશીલ રચનાનું મહત્ત્વકાંક્ષી સાહસ ખેડે છે ખરા; પણ સફળ થતા નથી.

સુરેશભાઈ સતત પોતાનામાં જ વિકસતા રહેલા કવિ છે; એમની કવિતાની પ્રયોગશીલતા પણ સતત પોતાનામાં જ વિકસીને બધ્ધ થઈ ગઈ છે. એમની પાસેથી "એક રોમાન્ટિક કવિનું દુ:સ્વપ્ન" જેવી દીર્ઘકાવ્યની કાવ્યરૂપાયન સિધ્ધ કરતી મહત્ત્વકાંક્ષી પ્રયોગશીલ રચના મળે છે; 'તથાપિ' કાવ્યસંગ્રહમાં આ દોર આગળ ચાલે છે.

## (૨૦) આધુનિકતા :-

આ ચારેય કવિઓમાં સૌથી વિશેષ આધુનિક કવિ છે: ગુલામ મોહમ્મદ શેખ. આધુનિકતાના સઘળા આવિર્ભાવો શેખની સર્જકતામાં રૂપાયિત થઈને એમની સર્જકતાનો, એમના-સર્જન-કર્મનો વિલક્ષણ ઉન્મેષ સર્જે છે. સુરેશભાઈ કથિત 'નવોન્મેષ' શબ્દમાં રહેલ ઉન્મેષની નવ્યતાની દ્વિરુક્તિ શેખની સર્જકતાને સવિશેષ લાગુ પડે છે. સુરેશભાઈની સર્જકતા સ્વકીયતામાં બધ્ધ થઈનેય પ્રયોગશીલતામાંથી ક્રમશ: આધુનિકતામાં કાવ્યરૂપાયન સિધ્ધ કરે છે. આ દોર ક્રમશ: પ્રત્યંચાની થોડીક જ, રચનારીતિમાં માત્ર એક જ 'સૂર્ય' શીર્ષક હેઠળની અછાંદસ રચના, 'ઈતરા' ને 'તથાપિ' ની સઘળી રચનાઓ આધુનિકતાની આબોહવામાં શ્વસે છે. અત્રે એ નોંધપાત્ર છે કે સુરેશભાઈની ભાવસંવિત્તિમાં રહેલ અસ્તિત્વની વ્યથા કે કેન્દ્રરિક્તતા જેવા આધુનિક આવિર્ભાવો પણ એમની સર્જકતામાં રૂપાયિત થઈને પરંપરાગત બની જાય છે; છિન્નભિન્નતામાંય આંતર-સંવાદિતા સર્જાય છે. અલબત્ત આનાથી એમની કવિતાના કાવ્યતત્ત્વને, સૌંદર્યતત્ત્વને કશી હાનિ થઈ નથી; આધુનિકતા અળપાઈ છે પણ કવિતા જળવાઈ છે.

મણિલાલ અને રાવજીની કવિતા વેદનાની તીવ્રતા અને નગરજીવન તરફના આક્રોશને કારણે આધુનિક બની છે. મણિલાલે અભિધાના સ્તરે નાસ્તિમૂલક ચેતનાને સતેજ કાવ્યપ્રજ્ઞાથી નગરની સંવેદનશુષ્કતા તરફ આક્રોશ વ્યક્ત કર્યો છે. "અમદાવાદ" એ મણિલાલની બહુચર્ચિત ગદ્યલયની માવજત કરતી આધુનિક અછાંદસ કવિતા છે. 'ફૂટપાથ અને આપણે' જેવી રચનામાંય નગરની સંવેદનશુષ્કતા તરફ આક્રોશ વ્યક્ત થયો છે. મણિલાલમાં અછાંદસ રચનાઓ રાવજી કરતાં વિપુલ પ્રમાણમાં મળે છે; આ સઘળી કાવ્યરચનાઓનું મુખ્ય લક્ષ્ય આધુનિકતાના આત્મસાત આવિર્ભાવોને અભિવ્યક્ત કરવાનું છે.

રાવજીની કવિતા પોતાની સ્વકીયતા અને સ્વકીયતાથી પ્રાપ્ત થયેલ સર્જકતાના નવોન્મેષોમાં આધુનિકતા સિધ્ધ કરે છે. અંતસ્થ વ્યથાની તીવ્રતાને માનવસહજ જીવનલિપ્સાને કારણે સર્જાતી તીવ્રતમ વેદનાએ રાવજીની કવિતાનું ભાવવિશ્વ નૈસર્ગિક સ્તરે જ આધુનિક બને છે; વળી, પ્રાપ્ય વેદનાના અનુભવસંવિત્તને વિલક્ષણ રીતે અભિવ્યંજિત કરવા જતાં એની રચનારીતિમાં સહજ જ આધુનિકતા સિધ્ધ થાય છે.

## (બ) અભિવ્યક્તિ-કલાની દૃષ્ટિએ તુલનાત્મક અભ્યાસ

### (૧) અછાંદસ કવિતા :-

સુરેશભાઈની અછાંદસ કવિતામાં વાગ્મિતાનું સૌંદર્ય એની મહત્ત્વની વિલક્ષણતા છે; જેમ કે; "દૂર દૂર દિયે દેખા / તટપ્રાન્તશાયી રેખા" પૂર્વાર્ધની 'દ' વર્ણની વાગ્મિતા રચનાને આંતરિક-લયનો વિશેષ અર્પે છે; આ વિદગ્ધ કવિની કાવ્ય પદાવલિ તત્સમ પદાવલિ છે; આંતરિક લયની સંવાદિતા અછાંદસમાં પણ યથાતથ જળવાય છે. શેખ અછાંદસના પ્રાજ્ઞ કવિ છે; એમની સર્જક ચેતનાની પ્રજ્ઞાશીલતાની પ્રતીતિ 'અથવા' ના પૃષ્ઠે પૃષ્ઠે થાય છે. શેખની મોટાભાગની અછાંદસ રચનાઓમાં આંતરિક લયની સૂક્ષ્મ, સંવાદિત ગૂંથણી વર્તાય છે. અછાંદસના આંતરિક લયનું લયમૂલક વ્યાકરણ શેખની રચનાઓમાં બરાબર સચવાયું છે. અછાંદસ કાવ્યરીતિ શેખની સર્જક પ્રતિભાને પ્રગટ કરવામાં કામિયાબ નીવડી છે. શેખે પસંદ કરેલ અછાંદસનું આ કાવ્યસ્વરૂપ તેમને આત્મસાત થયેલું છે.

મણિલાલ દેસાઈ પાસેથી રાવજીની સરખામણીમાં વિપુલ પ્રમાણમાં અછાંદસ રચનાઓ પ્રાપ્ત થાય છે. આ રચનાઓમાં પણ આંતરિક લયની સંવાદિતા બરાબર જળવાય છે. રાવજીની સર્જક ચેતના અછાંદસ કરતાંય અભિપ્રેત કલ્પનનું ઈન્દ્રિયપ્રત્યક્ષ રૂપ સર્જવા માટે સવિશેષ પ્રયોજાય છે. અલબત્ત, રાવજી પાસેથીય ગુણવત્તાયુક્ત અછાંદસ રચનાઓ પ્રાપ્ત થાય છે.

### (૨) ભાષાકર્મની સંપ્રજ્ઞતા :-

સુરેશભાઈની કવિતામાં તત્સમ કાવ્યપદાવલિ સવિશેષ પ્રયોજાય છે; વાગ્મિતાનું સૌંદર્ય, દ્વિરુક્ત પ્રયોગો, વર્ણાનુપ્રાસ અલંકાર ઈત્યાદિ દ્વારા આ વિદગ્ધ કવિની ભાષા સંપ્રજ્ઞતાની પ્રતીતિ એમની કાવ્યરચનાઓમાં થાય છે. સુરેશભાઈની કવિતાની ભાષા કાવ્યજ્ઞની ભાષા છે આથી એમાં વિદગ્ધતાની પ્રતીતિ સર્વત્ર વર્તાય છે. શેખ પણ ભાષા પરત્વે સંપ્રજ્ઞ ને તિર્યક્ બુદ્ધિ-પ્રભા ધરાવે છે; આ બાબતની પ્રતીતિ તો એમની કવિ, કવિતા અને શબ્દસંવેદના તરફ આક્રોશ વ્યક્ત કરતી રચનાઓ દ્વારા થાય છે. શેખ 'શબ્દ' માટે સવિશેષ સંવેદનપટુ અને સંપ્રજ્ઞ કવિ છે. આથી જ શબ્દની અભિવ્યંજનાશક્તિની મર્યાદા તરફ તીવ્ર કટાક્ષ કરતી શબ્દસંવેદનાની રજૂ કરતી કલ્પનશ્રેણી રજૂ કરે છે. તેઓ શબ્દોની વિડંબના, શબ્દો તરફ તીવ્ર આક્રોશ, ઉપહાસ પરિહાસ ને શબ્દોની અર્થચમત્કૃતિની અસહાયતા તરફ વિદ્રોહી મિજાજ શબ્દો દ્વારા જ રજૂ કરે છે.

રાવજી અને મણિલાલ પાસેથીય શબ્દસંવેદના રજૂ કરતી કલ્પનશ્રેણીઓ પ્રાપ્ત થાય છે. આ શબ્દસંવેદનામાં શબ્દો તરફની સંપ્રજ્ઞતાને આ સંપ્રજ્ઞતામાં સમગ્ર ભાષાકર્મની સંપ્રજ્ઞતાની નિરપેક્ષ પ્રતીતિ છે. રાવજી અને મણિલાલની કવિતા તળપદા, જનજીવનની આબોહવામાં શ્વસે છે; આ કાવ્યાનુભૂતિને યથાતથ અભિવ્યક્ત કરે તેવી તેમની તળપદી ભાષા પણ છે. અહીં સંપ્રજ્ઞતા કરતાં ભાષાની સહજ, સ્વાભાવિકતાનો ગુણવિશેષ કાવ્યરૂપ પામ્યો છે.

### (૩) કલ્પનપ્રચુરતા :-

અછાંદસ કાવ્યરચનાઓમાં અછાંદસની સાથે સાથે કલ્પનોની ભરમાર પણ જોવા મળે છે. સુરેશભાઈની કવિતામાં દૃશ્ય, શ્રાવ્ય, ઘ્રાણ, સ્પર્શ્ય અને સંકુલ એમ લગભગ બધા જ પ્રકારનાં કલ્પનો મળે છે; એમનાં કલ્પનો ભાવ-પ્રવાહિતા સર્જવાનો વિલક્ષણ ગુણવિશેષ ધરાવે છે. જ્યારે શેખ ચિત્રકાર કવિ હોવાથી દૃશ્યકલ્પનોની ભાવચમત્કૃતિને અર્થચમત્કૃતિ વિપુલ પ્રમાણમાં કાવ્યરૂપ પામે છે. તેમની કવિ-પ્રતિભા શબ્દમાં રહેલ દૃશ્યતાના તત્ત્વને વિકસાવે છે; અલબત્ત તેમની કવિતામાં શબ્દની નાદમૂલક ધ્વનિશક્તિ કે શબ્દના શ્રાવ્યપરિમાણની ઉપેક્ષા થાય છે. આમ છતાં, શેખની કવિતામાં

કલ્પનોની અનવદ્યતા અને તાજગી એ ગુજરાતી કવિતાનો નોંધપાત્ર ગુણવિશેષ બનવાની ક્ષમતા ધરાવે છે. શેખની અછાંદસ કાવ્યરચનાનો સઘળો કાવ્યપુરુષાર્થ સુરેશભાઈની જેમજ કલ્પનોની આસપાસ વિનિયોજાયો છે. એમની સર્જકતા કે સર્ગશક્તિ કે એમના સર્જન-કર્મનો નોંધપાત્ર વિશેષ નૂતન ને અપૂર્વ કલ્પનો સર્જવામાં જ પ્રયોજાયો છે.

રાવજી કલ્પનને ઈન્દ્રિયપ્રત્યક્ષરૂપ આપીને એને માનવ્યગત સંવેદનામાં રસીને અનોખું પરિમાણ બક્ષે છે; મણિલાલની પ્રાકૃતિક કવિતા જે મણિલાલની કવિ-પ્રતિભાની વિલક્ષણતાનો મહત્ત્વપૂર્ણ સર્જન-વિશેષ છે; એ કલ્પનોની આસપાસ જ સર્જનાત્મક કાવ્યરૂપ પામ્યો છે. રાવજી તો કલ્પનોનો બાદશાહ છે, મણિલાલમાં રાવજીના પ્રમાણમાં કલ્પનસૃષ્ટિ ઉઘડતી જોવા મળતી નથી.

## (૪) ઈન્દ્રિયપ્રત્યક્ષતા :-

આ ચારેય કવિઓમાં રાવજીની કવિ-પ્રતિભા જ સવિશેષ કલ્પનને ઈન્દ્રિયસંવેદ્ય પ્રત્યક્ષોથી સમૃદ્ધ કરવામાં જ એની સર્જકતાનો વિશેષ સર્જે છે. રાવજી કલ્પનોનો બાદશાહ છે; ઘઉંનાં કણસલાંની આંખમાં પ્રગટતી જિજીવિષા જેવી જ રાવજીની જીવનલિપ્સા છે. કૃષિમૂલક પરિવેશનાં કલ્પનોનું આટલા વિપુલ પ્રમાણમાં ઈન્દ્રિયપ્રત્યક્ષરૂપ રાવજી સિવાય ગુજરાતી કવિતામાં અન્યત્ર જોવા મળતું નથી. મણિલાલની કવિતાનાં કલ્પનો પણ સેન્દ્રિયતાથી માનવ્યગત સભરતાની પ્રતીતિ કરાવે છે મણિલાલ પાસેથીય દૃશ્ય, શ્રાવ્ય, ઘ્રાણ, સ્પર્શ, સ્વાદ અને સંકુલ એમ વિવિધ પ્રકારનાં બહુવિધ કલ્પનો પ્રાપ્ત થાય છે. પણ રાવજીની કવિતાનાં કલ્પનોમાં જેટલા પ્રમાણમાં ઈન્દ્રિયપ્રત્યક્ષતાનું કાવ્યરૂપ સર્જાયું છે; એટલા પ્રમાણમાં મણિલાલની કવિતાનાં કલ્પનોમાં ઈન્દ્રિયપ્રત્યક્ષતા જોવા મળતી નથી.

સુરેશભાઈ અને ગુલામ મોહમ્મદ શેખની અછાંદસ રચનાઓ કલ્પનશ્રેણીની આંતરિકસંવાદિતા વચ્ચે જ સર્જાઈ છે. આ બંને કવિઓની અછાંદસ કવિતામાં પ્રયોજાયેલાં કલ્પનોમાં ઈન્દ્રિયસંવેદ્ય પ્રત્યક્ષતાની ગુણસમૃદ્ધિ તો છે જ. પણ શેખની સરખામણીમાં સુરેશભાઈની કવિતામાં આ પ્રમાણ ઓછું છે.

અલબત્ત, સુરેશભાઈની કવિતામાં પ્રણયભાવ વિકસતો જોવા મળે છે. પ્રણયની દુર્દમ આકાંક્ષાને વાસ્તવમાં પ્રતીત થતી સંવેદનશુષ્કતાથી એમની કવિતા વેદનામયતાની ભૂમિકામાં મૂકાય છે. વળી, રતિમાંથી વિરતિ તરફ જતી ને રંગદર્શી ને પ્રતિરંગદર્શી આબોહવામાં જાદુઈ ગતિ કરતી એમની કવિતામાં કલ્પનસૃષ્ટિનું મહત્ત્વપૂર્ણ પ્રદાન છે. વળી, મૃત્યુની તોતિંગ લટકતી તલવાર પણ કજળી જવા સર્જાયેલી રતિના આવિર્ભાવનું વિધેય બને છે. આ પ્રકારની કલ્પનસૃષ્ટિ માનવ્યગત સંસ્પર્શના પરિવેશમાં વિકસે છે; આથી આ કલ્પનશ્રેણી સહજ જ ઈન્દ્રિયપ્રત્યક્ષતાને ઈન્દ્રિયરાગિતાથી નિરપેક્ષભાવે સંપન્ન થાય.

## (૫) પ્રતીક, પુરાકલ્પન અને અલંકારનો પ્રયોગ :-

સુરેશભાઈની કવિતામાં ઘણા શબ્દો પ્રતીકનું રૂપ ધારણ કરે છે. અસ્તિત્વની ઈતિકર્તવ્યતા પ્રમાણવાની શોધ આ કવિતાને આદિમતાના અણજાણ પ્રદેશમાં લઈ જાય છે; ત્યાં પ્રાગૈતિહાસિક સૃષ્ટિની પુરાકલ્પીય આબોહવા વર્તાય છે ને અહીંથી પુરાકલ્પનનો ભાવપ્રદેશ શરૂ થાય છે. આ જ રીતે કાવ્યાનુભૂતિને સવિશેષ પ્રતીતિજનક બનાવવા માટે આ કવિતામાં અલંકારોનો પણ પ્રયોગ થયો છે. આ જ રીતે શેખની કવિતામાં પણ પ્રતીક, પુરાકલ્પન અને અલંકારનો પ્રયોગ થયો છે. શેખનું 'ઑર્ફિયસ' કાવ્ય પુરાકલ્પનનું જ કાવ્યમય રૂપાંતર છે; અહીં કાવ્યપ્રવાહમાં ઑર્ફિયસ નાં પુરાકલ્પીય કથાતત્ત્વો આગળી જઈને કાવ્યરૂપ પામ્યાં છે. આ સિવાયની શેખની રચનાઓ પણ પુરાકલ્પીય આબોહવામાં શ્વસતી પ્રતીત થાય છે. 'ઉપમા' 'સજીવારોપણ' 'ઉત્પ્રેક્ષા' ને 'વર્ણસગાઈ' ઈત્યાદિ

અલંકારોના વ્યાપક પ્રયોગો પણ શેખની રચનાઓમાંથી પ્રાપ્ત થાય છે.

રાવજીની કવિતામાં 'કંકુ' સૌભાગ્યનું પ્રતીક બનીને પ્રતીકનું કાવ્યમય રૂપાંતર કાવ્યકલાની આવી અનહદ ઉત્તુંગતા સિદ્ધ કરી શકે એની પ્રતીતિ ગુજરાતી કવિતાને 'મારી આંખે કંકુના સૂરજ આથમ્યા' ગીત રચના દ્વારા કરાવે છે. વળી, પુરાકલ્પન અને અલંકારોના પ્રયોગ પણ રાવજીની કવિતામાં પ્રાપ્ત થાય છે. મણિલાલનો 'ઊંબરો' પણ શૃંગારરસિત પ્રણયભાવોનો જીવંત ને વિકાસોન્મુખ આવિર્ભાવ બની; 'ઊંબરા' નું આ પ્રતીક 'ઊંબરે ઊભી સાંભળું રે બોલ વ્હાલમના' ગીતમાં ગુજરાતી ગીત કવિતાનું યાદગાર સંભારણું બની રહે છે. વળી, મણિલાલની કવિતામાં પુરાકલ્પન ને અલંકારના પ્રયોગ પણ પ્રાપ્ત થાય છે.

## (૬) કાવ્યબાનીમાં પ્રતીત થતી સ્વકીયતા :-

સુરેશભાઈની કાવ્યબાની એ વિદગ્ધ કવિની તત્સમ પદાવલિયુક્ત કાવ્યબાની છે; એમના કાવ્યશાસ્ત્રના વ્યાપક અનુશીલનની પ્રતીતિ એમની કાવ્યબાની દ્વારા થાય છે. એમની શબ્દસૂઝ ને ભાવાનુસારી કાવ્યપદાવલિમાં પ્રશિષ્ટતા ને ભાવપ્રવાહમાં રંગદર્શિતાનું અદ્‌ભુત સામંજસ્ય સધાય છે. અલબત્ત, પ્રતિરંગદર્શિતા સર્જવી એ એમનું લક્ષ્ય હતું. આમ છતાં ય, સુરેશભાઈની કવિતા કાવ્યજ્ઞની કવિતા નથી. શેખની કાવ્યબાનીમાં તળપદા શબ્દોને પણ આત્મસાત અનુભૂતિને અભિવ્યકત કરવા માટે પ્રયોજ્યા છે. આમાંથી કયાંક તળપદા વાતાવરણમાં પણ શેખની કવિતા શ્વસે છે. શેખે અનુભૂતિને યથાતથ અભિવ્યકત કરવાની નિજી મથામણમાંથી જ પોતાની કાવ્યબાની સર્જી દીધી છે.

રાવજીની કાવ્યબાનીમાં પણ સ્વકીયતાનું ભર્યું ભર્યું વિશ્વ છે. રાવજીએ પણ શેખની જેમ જ નિજી અનુભૂતિને યથાતથ અભિવ્યકત કરવાની મથામણમાંથી જ પોતાની સ્વકીય કાવ્યબાની સર્જી છે. મણિલાલ પણ સ્વકીયતાથી ભર્યો ભર્યો કવિ છે. શેખ અને રાવજીની જેમ મણિલાલની કવિતામાં પણ તળપદી, જનપદની ભાવસૃષ્ટિનો ઉઘાડ જોવા મળે છે.

